EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

<u>ઓન્ટેરીઓ કાર્યકુશળતા વિકાસ (ઓન્ટેરીઓ સ્કિલ્સ ડિવેલપમેન્ટ)</u>

ઓન્ટેરીઓ સ્કિલ્સ ડિવેલપમેન્ટ કાર્યક્રમ એવા બેકાર લોકોને ટેકો આપે છે જે હાલમાં રોજગાર વીમાના પાત્ર બનેલા છે અને જેને શ્રમિક માર્કિટમાં પુનરાગમન માટે આવશ્યક કાર્યકુશળતાઓની જરૂરિયાત છે. આ પ્રોગ્રામ, લોકોને શ્રમિક માર્કિટમાં પુનરાગમન માટે આવશ્યક પ્રશિક્ષણના ખર્ચામાં થોડીક નાણકીય મદદ આપે છે, જેમ કે શિક્ષણની ફી અને ચોપડીઓની કિંમત.

**કોણ અરજી આપી શકે?**

નોકરી શોધતા લોકો જે બેકાર છે, અરજી આપી શકે જો નીચેની શર્તોમાંથી **એકથી** સંબંધ રાખતા હોય તો :

- રોજગાર વીમાના ફાયદાઓનો દાવો સ્થાપિત કરેલું હોય અથવા તેમના રોજગાર વીમાના ફાયદાની અવધિ ગયા ત્રણ વર્ષમાં સમાપ્ત થઇ હોય.
- રોજગાર વીમાના માતૃત્વ અથવા માતા-પિતાના ફાયદાઓનો દાવો સ્થાપિત કરેલું હોય અને ગયા પાંચ વર્ષની અંદર ફાયદાઓ મળ્યા હોય, અને હવે ફરીથી તે શ્રમિક માર્કિટમાં પ્રવેશ કરે છે જેનો ત્યાગ નવા જન્મેલા શિશુ અથવા દત્તક રીતે લીધેલા બાળકોની સંભાળ માટે કીધો હતો.

એ નક્કી કરવા માટે કે તમે ભાગીદાર બનવા યોગ્ય છો કે નહિ, મદદ માંગવાની તારીખ તેજ માનવામાં આવશે જ્યારે તમારી પૂર્ણ કરેલી અરજી એમપ્લોયમેન્ટ ઓન્ટેરીઓના ઓફિસમાં મળશે.

બીજા માપદંડો અમલમાં મુકી શકાય છે.

**હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**

એમપ્લોયમેન્ટ ઓન્ટેરીઓની હોટ-લાઇનને ટોલ-ફ્રી 1-800-387-5656 પર, અથવા ટોરન્ટોમાં (416) 326-5656 પર ફોન કરો, પોતાના ક્ષેત્રમાં ઓન્ટેરીઓ સ્કિલ્સ-ડિવેલપમેન્ટની સેવાઓ મેળવવા વધુ માહિતી મેળવવા માટે.

બીજા વિકલ્પ તરીકે, ઓન્ટેરીઓ સ્કિલ્સ-ડિવેલપમેન્ટની સેવાઓ વિષે વધુ માહિતી મેળવવા માટે પોતાના સ્થાનિક ઓન્ટારીઓ એમ્પ્લાયમેન્ટ અસિસ્ટેન્સ સેવા ઓફિસ સાથે સંપર્ક સાધો. આપ www.edu.gov.on.ca/eng/tcu/search.html પર જઇને કોઇ ખાસ ક્ષેત્રમાં ઓન્ટારીઓ એમ્પ્લાયમેન્ટ અસિસ્ટેન્સ સેવા ઓફિસના ફોન નંબર અને ઠેકાણની શોધ કરી શકો છો.